સ્નેહ—માળા.

સત્યશોધક મંડળ માટે
સંયોજક તથા પ્રકાશક

ગોકુળદાસ ડી. રાયચુરા.

સેક્રેટરી, સત્યશોધક મંડળ
૩૯ ઠે. સી. પી. ટેન્ક મુંબઇ નં. ૪,

પ્રત ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

શન ૧૯૧૪. સંવત ૧૯૭૧.

મુલ્ય ૧ આનો.

ધર્મ વિજય પ્રિન્ટીંગ પ્રેસ પાયધુની નં. ૫૭૨
મુંબઇમાં હરજીવન ભગવાને છાપી.

મંડળના ઉદ્દેશો.

મંડળના સભ્યોએ માનસિક, નૈતિક, સામાજીક અને સાહિત્યની સુધારણા અને વિચારની કેળવણી તથા અરસપરસ સહાનુભુતી અર્થે પ્રયત્નો કરવા.

વખતો વખત ભાષણોથી વક્તૃત્વ શક્તિ તથા નીબંધો, કાવ્યો વિગેરેથી લેખનશક્તિ ખીલાવવા કોશીષ કરવી.

મંડળના સભ્યોમાં ભ્રાતૃભાવ અને અંગત મીત્રતા વધારનારા ઉપાયો યોજવા.

સભ્યો તરફથી સાહિત્ય સેવા અર્થે લખાયેલા નીબંધો, કાવ્યો વિગેરે બની શકે ત્યારે પ્રસંગોપાત પ્રગટ કરવાં.

દાખલ થવા ઇચ્છનારે પોતાના નામ નીચેને ઠેકાણે મોકલવાં.

૩૯ ગ્રાં. પી ટેન્ક મુંબઇ નં. ૪

"નવા વર્ષનું અભિનંદન"

To,

G. V. G.

"With Best Wishes"

From C. R. L.

B'lay

" આવતું નવલ વર્ષ આપને, આપના કુટુંબને અને આપના મીત્ર વર્ગને સર્વ પ્રકારે સુખદાયી તથા યશસ્વી નીવડો એવી પ્રેમ સ્વરૂપ પરમાત્મા પ્રત્યે નમ્ર પ્રાર્થના છે."

નૂતન વર્ષ.

—⟶✢✢⟵—

(લેખક-રા. ગોકુળદાસ ડી. રાયચુરા.)

(પદ)

નૂતન ! નૂતન ! પગલી ધારી,
　　　　નવિન વર્ષ આવે;
નૂતન ભાવ ! નવલ લ્હાવ,
　　　　નવિન આશ લાવે.—નૂતન.

સેવા ધર્મ સુત્ર ભણી,
ઐક્ય પ્રેમ આંક ગણી;
પ્રીતિ પરાગ પૂષ્પ તણી,
　　　　છાબ ભરી લાવે.—નૂતન.

ભ્રાતૃભાવ-ભેખ ધારી,
રાજ્ય ભક્તિનું પૂજારી;
દેશ ભક્તિની સિતારી,
　　　　સર્વને સુણાવે—નૂતન.

" માતા ગુર્જરી "

(લેખક—રા. રા. નૃસિંહપ્રસાદ ટી. વૈદ્ય)

(હરિગીત.)

જે બાલ વયથી બોલતા ભાષા ભલી ભાવે કરી,
માતા હમારી તે ખરી સર્વાંગ સુંદર ગુર્જરી;
આશીષ લેવા કાજ આ સાહિત્યના શુભ કાર્યમાં,
સ્મરીયે હમે તે માતને સૌ નુતન વર્ષારંભમાં.

ભક્તિ કરે સૌ સાક્ષરો વરદાન લેવા શ્રમ થકી,
કરતી દયા તે તુર્તને પ્રત્યક્ષ દર્શન આપતી;
એ લાભ કિંચીત પામવા આશા ધરીને હૃદયમાં,
સ્મરીયે હમે તે માતને સૌ નુતન વર્ષારંભમાં.

નરસિંહ પ્રેમાનંદની ભક્તિ જુઓ કેવી ફળી ?
કિર્તિ ગીરા—ગુર્જર તણી ચારે દિશામાં જળહળી;
દલપત અને નર્મદ તણી સેવાથી જે બહુ માનમાં,
સ્મરીયે હમે તે માતને સૌ નુતન વર્ષારંભમાં.

" નૂતન વર્ષની વિજય બાલા. "

(લેખક રા. જગન્નાથ એચ. ઓઝા.)

(માલિની)

મધુર મધુર શબ્દો પક્ષીઓ સૌ કરે છે,
લહર અનિલની આ થાકને સંહરે છે;
શિશુજન નિજ રંગે સ્નેહથી સંચરે છે,
ગજગતિ લલના આભૂષણોને ધરે છે. ૧.

સકલ જન ઉમંગે ઉદ્યમે પ્રવૃતે છે,
ગુણિજન મધુરા કૈં રાગને આલપે છે;
દિલબર દિલવાળા દીનને દાન દે છે,
શિવ હરહર શંભો ભક્ત ભાવે વદે છે. ૨.

સુરજન કુસુમોની ખેંથી વૃષ્ટિ કરે છે,
નિજ કર લઇ વીણા નાદ વિદ્યા કરે છે;
ગત વરસ અનાદિ કાળ મુખે સરે છે,
નવિન વિજય બાલા કર્મયોગિ વરે છે. ૩.

"સહજ પ્રાપ્ત સ્થિતિનું ગૌરવ"

(લેખક-રા. વિશ્વનાથ પી. વૈદ્ય બી. એ.
બાર-એટ-લૉ.)

નહિ નિંદિત કર્મ તોય જે,
સહજ પ્રાપ્ત નહીં તજાય તે;
પશુને હણનાર ઘાતકી,
ગણિયે શ્રોત્રિયને દયાગુણ.

"શું આવતા શુભ વર્ષના દેખાવ દ્રષ્ટે થાય છે."

(લેખક–રા. સત્વસુખ વી. હોરા. બી. એ.)

(હરીગીત)

આનંદ ઉર ગિરીપરે મુખ ચંદ્ર શીતળ છાય છે,
વીકાસ તેનો નીરખતાં ઉર્મી હૃદે ઉભરાય છે;
નયનો થકી મીઠી અનેરી પ્રેમ જ્યોત જમાય છે;

શું આવતા શુભ વર્ષના દેખાવ દ્રષ્ટે થાય છે?—૧
આ ભારતી માતા તણા કંઇ બાળકો અથડાએ છે,
અજ્ઞાનતાના પડ તળે કેળવણી હીન પીડાય છે;
દીલદાઝ દેશ તણી ધરી શુભ ભાષણો દેવાય છે,

શું આવતા શુભ વર્ષના દેખાવ દ્રષ્ટે થાય છે?-૨
ગુર્જરી ગીરા તણો ઉદ્ધાર કરનારા બધે,

સાહિત્યના સીતારના તારો લઇ રમતા હશે;
ઝણકાર તાર તણા મૃદુ સંદેશથી ઉભરાય છે,
શું આવતા શુભ વર્ષના દેખાવ દ્રષ્ટે થાય છે ?-૩

પૂર્વે થયા યોધ્ધા અનેક શું આજ તેવા થાય છે,
કુરૂક્ષેત્ર જેવું યુધ પણ શું આજ કૈં નીરખાયછે;
કેસરિયાં અર્થે હીંદીઓ હા! હા! જુઓ આ જાય છે,
શું આવતા શુભ વર્ષના દેખાવ દ્રષ્ટે થાય છે ?—૪

ભૂતકાળની કુસ્મૃતિ બધી આ વર્ષમાં વીસરાય છે,
હીંદુ મુસલમીન પારસી હીંદી જનો લેખાય છે;
રાષ્ટ્રીયની શુભ ભાવના સઘળે સ્થળે ફેલાય છે,
શું આવતા શુભ વર્ષના દેખાવ દ્રષ્ટે થાય છે ?—પ

પ્રેમી યુગલ આ દંપતી કૈં હીંદમાં વસતા હશે,
આ કર્મના યોગી અને સાહિત્યના સેવક વસે;
ભારત મંહી યોધ્ધા અનેક છે એકતા ફેલાય છે,
શું આ થકી કંઇ શ્રેષ્ટ ઇચ્છા નૂતન વર્ષે થાય છે?-૬

"સદા તથાપિ પ્રભુ હામ દેશે."

(લેખક–રા. હાસમ હીરજી ચારણીયા)

૧.

ન જાણું હું કાલ અરે, થશે શું !
ભવિષ્યમાં જાણું નહીં હશે શું !
ગમે તહીં વિધિ જવા કહેશે,
સદા તથાપિ પ્રભુ હામ દેશે.

૨.

કદી પ્રભુ જીંદગી લાંબી આપે,
કૃપાથી કિંતુ સહુ ક્લેશ કાપે;
ધીમે ડગે દુઃખ દિલે પ્રવેશે,
સદા તથાપિ પ્રભુ હામ દેશે.

૩.

કદીય સુકાળ દુકાળ આવે,
ઉના ઉરે ધૂધવી વાયુ લાવે;
હશે ભવિષ્યે ભય ભાર લેશે,
સદા તથાપિ પ્રભુ હામ દેશે.

" સ્નેહીને અભિવંદન. "

(લેખક-રા. ચંપકલાલ એચ. ભગુડીયા.)

(લાવણી.)

ભર્યું વારિ છલકાય, ઉરમાં હર્ષ જરી નહિ માય,
દિવસે આજે,
પ્રેમ ઝરો ઉભરાય, આજ શા કાજે ?
ઉગે વિક્રમનું નવું વર્ષ, દીલમાં થાય અતિશે હર્ષ,
દિવસે આજે,
મુજ નેણુ વિષે આનંદ આથી વિરાજે ! ૧.

(ઝુલ)

જ્યમ હિમાલયે હિમ થાય,
એ હિમ બિન્દુ બન્ધાય,
કંઇ કાળ પછી વહી જાય,
ને ગ્રિષ્મ વાયુઓ વાય,
તે બિન્દુનું જળ થાય,

૫૨૯૯ ૧૧

પુનઃ શિશિર વાયુઓ વાય,
ને મિશ્ર બિન્દુ બન્ધાય !
એ બિન્દુનું એક થાય, અતિશે આથી તે શોભાય,
સ્નેહીઓ પેઠે,
ત્યમ આપણનું થયું થાય, સ્નેહી શું હેતે !
ભર્યું વારિ,
ગત દુઃખ ભૂલી તું જાય, તુજ દીલ સ્નેહ ઉભરાય,
તું સુખી અતિશે થાય, ઇશ કૃપાયે. ૩.

ફળીભૂત થાય તુજ કાજ,
તું સુખ માંહી વીરાજ,
થાયે તું પ્રીતિ ભાજ,
સુણીને દુઃખીની દાઝ,
તેને સુખથી તું નવાજ.
કરીને કંઇ કંઇ ઇલાજ,
આશા એ મુજની આજ !
ઉગતું નૂતન જે વર્ષ, લાવતું હર્ષ,
સુખની સાથે,

તું હોય તુજ આદર્શ સ્નેહી સંગાથે,
ભર્યું વારિ. ૪.
ઉરમાં ધરી વિશ્વાસ, માગુ ઈશ પાસ,
તુજ દુઃખ કાપે.
તે એજ "પુષ્પનો" નાથ તને સુખ આપે! ૫.

" હિત ધારવું. "

(લેખક-કાન્તિલાલ બી. દેશાઈ.)

હૃદયમાં હિત સઉ તણું ધારવું,
સુનીતિના માર્ગે વળી ચાલવું.
જીવન ચારિત્રને સુધારવા,
નિયમ આચરવા પ્રભુ ભક્તિના. ૧.

કઠણ માર્ગ દુનિયા મહિં તો દિસે,
તદપી ધૈર્યને નવ તજવું ઘટે.
સહનતા શીખવી વળી ઇષ્ટ છે,
પરમ તત્વ વિણ એ નથી કો જગે. ૨,

સતત્ કાર્ય મહિં મચ્યા રહો,
ફળની આશ દિલે નવ ધારશો.
નવ કીધું નિજ ભાંડુ તણું ભલુ,
જીવન વ્યર્થ જાણો તેનું બધું. ૩.

"છ વર્ષનું બાલક."

(લેખક - રા. વસંતરાય એલ. ઓઝા)

(દોહરા.)

સહેજે ષડ વર્ષો થયાં, કરતાં રૂડાં કામ,
ત્યમ આગળ વધજો તમે, સાર્થક કરવા નામ.

શોર કર્યા વિણ માનવી, બજાવતા નિજ ફર્જ;
ધર્મ સમજતા તે ખરો, પ્રભુને ગણે સમક્ષ.
કદી કાર્ય આરંભમાં નિષ્ફળતા દેખાય;
મદ થશો નહિં તેથી તો, ઇશ્વર દેશે સહાય.
ડરવું શાને સત્યથી, અચળ અમર જે નામ;
લઇ ઝુંડો ફરકાવવો, હૃદયે ધારી હામ.

" સ્નેહીને યાચના. "

(લેખક–રા. કેશવલાલ પી. વૈદ્ય.)

(મંદાક્રાંતા)

ભુલી જાજો અવર જનની નીચ વૃત્તિ કૃતિને,
ભુલી જાજો સમય પરની આપની સત્કૃતિને;
સાંખી લેજો કડક વચનો મિત્ર કે દુશ્મનોના,
પ્રેમે થાજો નવલ વર્ષે પ્રેમી સર્વે જનોનાં.

છોડી દેતાં પરમ પથમાં હોય બોજો નકામો,
ત્યાગી દેતાં અધમ રસમો શાંતી સ્થાને વિરામો;
સાથી થાજો સમય મળતાં સંત સાધુ જનોનાં,
પ્રેમે પાજો અમળ જળને પ્રેમી વ્હાલા જનોમાં.

આવ્યા જાવું અજબ રચના ઉન્નતિ માર્ગનીછે,
કર્મો જેવાં સહુન કરવાં એ ખુબી જ્ઞાનની છે,
વ્હેલું મોડું પરમ પ્રભુના આશ્રયે જો જવાનું,
મ્હારૂં ત્હારૂં નવલ વર્ષે ત્યાગી પ્રેમી થવાનું.

બાંધી લેજો જીવન ભરમાં જીવને શીવ સાથે,
આપી દેજો ગરીબ જનને આપ્યું જે વિશ્વનાથે;
સાધિ લેજો હૃદય મનથી મુક્તિના સાધનોને,
સ્નેહિ દેજો નવલ વર્ષે સ્નેહ વ્હાલા જનોને.

છપાય છે. છપાય છે.

"રાસ મન્દિર"

લેખક—ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા.

સ્ત્રી ઉપયોગી અપૂર્વ રાસ

દરેક કુટુંબમાં રાખવા લાયક

વાંચવા લાયક વંચાવવા લાયક સુન્દર પુસ્તક.

નામ નોંધાવવાનાં ઠેકાણાં:—

"સત્ય શોધક મંડળ" ઓફીસ
૩૯ સી. પી. ટેન્ક મુંબઇ નં. ૪.

શ્રી કૃષ્ણ લોજ થીયોસોફીકલ સોસાયટી
બુક ડીપો
મોરારજી ગોકુળદાસ હૉલ
કાલબાદેવી મુંબઇ નં. ૨.

"જરા તો સ્નેહ વર્ષાવો,
દુખી હૃદયો ભીંજાવવાને;
બનાવો શત્રુને મિત્રો,
જગાવો આત્મની જ્યોતિ."

"કેશવ."